# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                 તા. ૩૦/૦૫/૨૦૧૭

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **યુપીની જેમ ગુજરાતની આગામી ચૂંટણીમાં ભાજપને જનાદેશ મળશે : રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવ**
- **કેન્દ્રની અને ગુજરાત સરકારની તમામ યોજના સીધી અને પારદર્શી છે : રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ગુજરાતના પ્રભારી બન્યા બાદ સૌ પ્રથમ વખત સુરત ખાતે પધારેલા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી, સાંસદ અને ગુજરાતના પ્રભારી શ્રી ભુપેન્દ્રજી યાદવ અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાજીનું "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતે ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર ધ્વારા ઢોલ–નગારા, ફટાકડા ફોડી, ફુલહાર ધ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમસ્ત ઉત્તર ભારતીય સમાજના આગેવાનો ધ્વારા ગુજરાતના પ્રભારી બન્યા બાદ પ્રથમ વખત સુરત ખાતે પધારેલા રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવનું ફુલ–હારથી સન્માન કરવામાં આવ્યું હતું.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવએ ઉત્તર ભારતીય સમાજના આગેવાનોની બેઠકમાં જણાવ્યું હતું કે સુરત એક લઘુ ભારત છે. સુરતનાં વિકાસમાં સમસ્ત સમાજની જેમ ઉત્તર ભારતીય સમાજનાં લોકોનો ફાળો પણ અમૂલ્ય રહ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશની ગત ચૂંટણીમાં ભાજપને મળેલ ઐતિહાસીક જીતની જેમ આગામી ગુજરાતની વિધાનસભા–૨૦૧૭ની ચૂંટણીમાં રેકોર્ડ બ્રેક અને ભવ્ય જીત અપાવવા ઉત્તર ભારતીય સમાજનો ફાળો અને સાથ–સહકાર મળી રહેશે. તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

પંડિત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતી વિસ્તારક યોજના અન્વયે ગુજરાતનાં પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ તથા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાજી સુરતનાં વોર્ડ નં.–૧૩ (ઉમરવાડા–માતાવાડી)ના બુથ નંબર–૧૭૪માં વિસ્તારક તરીકે ઘરે–ઘરે સંપર્ક કર્યો હતો. આ સેવા વસ્તીમાં લોકો વચ્ચે જઈ ભાજપ સરકારના વિકાસ તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી. આ જ સેવા વસ્તીમાં એક કાર્યકર્તાનાં ઘરે ભોજન લીધું હતું. રાષ્ટ્રીય અને પ્રદેશ કક્ષાના નેતાઓનું સેવા વસ્તીમાં ભોજન લેવાથી સ્થાનીક લોકોમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ જવા પામી હતી.

સુરત શહેરનાં વિવિધ સમાજોનાં પ્રબુધ્ધ આગેવાનોને "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના ખાતેના ઓડીટોરીયમમાં સંબોધતા રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ભૂપેન્દ્રજી યાદવએ જણાવ્યું હતું કે કેન્દ્રમાં ભાજપની સરકાર આવ્યા બાદ શત્રુ સંપતિ વિધેયક, બેનામી સંપતિ કાયદો, GST, ગૌહત્યા પ્રતિબંધ, નોટબંધી, જન ધન યોજના, ઉજ્જવલા યોજના, સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો બેટી પઢાઓ, ઘર ઘર શૌચાલય જેવી અનેક યોજનાઓથી સૌ સમાજનો વિકાસ થયો છે. ગરીબ અને મધ્યમવર્ગના કલ્યાણ માટેની અનેકવિધ યોજનાઓથી સમાજ અને રાષ્ટ્રનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે.

આ બેઠકમાં ગુજરાત પ્રદેશના મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, સાંસદ શ્રી સી.આર. પાટીલ, શહેર હોદ્દેદારો, ધારાસભ્યશ્રીઓ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.